OPEN NOW

LET'S START

THANK YOU FOR SUPPORT

VISIT NOW : WWW.SJVGGRUH.ORG

NEWS LETTER

ALL EVENT

STUDENT IMPROVEMENT

SJVG NEWS LETTER

SHREE SAVARKUNDLA JAIN VIDHYARTHI GRUH

APRIL 2020

WWW.SJVGGRUH.ORG

શ્રીસાવર કુંડલા
જૈન વિદ્યાર્થી ગૃહ
શ્રી મહાસુખલાલ લક્ષ્મીચંદ શેઠ
માધ્યમિક છાત્ર નિવાસ

હર્ષની લાગણી

પ્રમુખશ્રી તથા ટ્રસ્ટી મંડળ
શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ
જય જીનેન્દ્ર !

સવિનય સાથે જણાવવાનુ કે હુ દસાડીયા દેવાંશ અને અમારી ટીમ આપણી સંસ્થાના કોમ્પ્યુટર શિક્ષક શ્રી જીગ્નેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ એપ્રિલ માસનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

અધ્યયન કાર્ય

આપણી સંસ્થામાં રહી અભ્યાસ કરી રહેલા દરેક વિદ્યાર્થીઓને ‘લોકડાઉન’ની જાહેરાત થતાં પરીક્ષાની તૈયારી માટે રજા આપવામાં આવેલ હતી પરંતુ લોકડાઉંન ની અવધિ વધતા અને વિદ્યાર્થીઓનાં માસ પ્રમોશનની જાહેરાત થતાં હવે નવું સત્ર જૂનમાં જ ખુલવાની આશા છે. જેની ગુજરાત સરકાર દ્વારા સતાવાર જાહેરાત કરવામાં આવશે.

ડીજીટલ સ્ટડી

કોરોના વાયરસનાં સંક્રમણને કારણે ધોરણ ૧૨નાં વિદ્યાર્થીઓને માટે મહત્વનું બોર્ડનું વર્ષ હોવાથી તેના અભ્યાસ પર ખરાબ અસર ન થાય તે માટે આપણા કોમર્સના ટ્યુશન ટીચર કમલેશભાઈ ચુડાસમા દ્વારા પાંચ વિદ્યાર્થીઓને ઓનલાઈન – નામુ અને આંકડાશાસ્ત્રનાં વર્ગ શરુ કરવામાં આવ્યા છે.

જેમાં વિદ્યાર્થીને વોટ્સએપ ગ્રુપમાં યુ-ટ્યૂબ ની લીંક મોકલી મહત્વના પોઈન્ટ સમજાવી હોમવર્ક આપી તેના કાર્યની ચકાસણી કરવામા આવે છે.

આજ રીતે ધોરણ ૧૦ માટે પણ ડીજીટલ સ્ટડી શરુ કરવાની ગણતરી છે

નવા એડમિશન પ્રક્રિયા ૨૦૨૦ - ૨૧

વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષ કરતાં વધે તે માટે ફોન દ્વારા સંપર્કનું કાર્ય મુંબઈ હેડઓફીસ તેમજ સાવરકુંડલાની ઓફીસ દ્વારા અને સંસ્થાના શુભચિંતક અને સંચાલક મંડળ દ્વારા લગભગ પૂર્ણ થવાની તૈયારીમાં છે.

ઘણા વાલીઓ એ સંસ્થાની મુલાકાત લેવાની ઈચ્છા દર્શાવી છે તેઓ સંસ્થાની વ્યવસ્થા જોવા લોકડાઉન ખુલતા આવશે.

નવા એડમિશન પ્રક્રિયા ૨૦૨૦ - ૨૧

કોરોના ને લગતા વાલીઓને મૂંઝવતા પ્રશ્ન નો સંતોષકારક જવાબ આપી
અને ગૃહપતિ જીતુભાઇ દ્વારા બીજા બોર્ડિંગ સાથે પણ ચર્ચા કરી ને જરૂરી બદલાવ લાવવામા આવશે.

- એક રૂમ માં માત્ર ૪ જ વિદ્યાર્થી ઓ ને રાખવામા આવશે.
- શાળા સિવાય કોઈ પણ વિદ્યાર્થીઓ ને બહાર જવા દેવામા નહિ આવે
- ટયુશન ની વ્યવસ્થા પણ બોર્ડિંગ ની અંદર જ કરવામાં આવશે
- Social Distance નુ પણ પૂર્ણ રીતે પાલન કરવામા આવશે
- આ સિવાય પણ વિદ્યાર્થી ઓ ની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાશે.

ભૂતપૂર્વ વિદ્યાર્થી સંકલન કાર્ય

અત્યારે આપણી સંસ્થામા રહી અભ્યાસ કરતા વિદ્યાર્થી તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંસ્થાનાં માધ્યમ દ્વારા સંકલન સુત્રમાં જોડવાનુ કાર્ય મુંબઈ હેડ ઓફીસમાંથી દીક્ષીતાબેન અને સાવરકુંડલા ઓફીસમાંથી જીતુભાઈ દ્વારા ટેલીફોનિક સંપર્ક દ્વારા કરવામાં આવી રહયું છે.

જેમાં વિદ્યાર્થીનુ નામ,વતન,જન્મ તારીખ,વ્યવસાય,સરનામું,ઈ-મેઈલ એડ્રેસ અને બોર્ડિંગમાં અભ્યાસ કર્યાનું વર્ષ અને મોબાઈલ નંબર જેવી વિગત મેળવીને તેને સંસ્થાનાં સંપર્ક સુત્ર માટે માહિતી એકત્રિત કરેલ છે.

ઉપરોક્ત વિગત મેળવવાનો હેતુ "સાવરકુંડલા જૈન વિદ્યાર્થીઓને સંસ્થાકીય માહિતી કે સમાચાર માસિક ન્યુઝ લેટર દ્વારા મળતાં રહે અને દરેક વિદ્યાર્થી સંસ્થા સાથે આત્મીયતાથી જોડાઈ રહે તેવો છે.

વેકેશનમાં નિબંધ લેખન પ્રવૃતિનું આયોજન

આ વેકેશનમાં વિદ્યાર્થી પોતાના ઘરમાં લોકડાઉન છે તેથી તેને ટી.વી અને મોબાઈલની દુનિયામાંથી બહાર લાવી શૈક્ષણિક અભિગમ તરફ લઈ જવા માટે સંસ્થા દ્વારા એક નિબંધ લેખન નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જેમા "કોરોના એક વૈશ્વિક મહામારી"વિષય પર સ્વહસ્તે ,સ્વચ્છ અને સુઘડ અક્ષરમાં નિબંધ લખી તા. ૨૨-૦૪-૨૦૨૦માં જીતુભાઈ બારોટને વોટ્સઅપ દ્વારા મોકલવાનુ કહેવામાં આવ્યુ હતું અને દરેક વિદ્યાર્થીઓ એ નિયત તારીખ મુજબ લેખન કાર્ય પૂર્ણ કરી ને મોકલાવ્યુ હતુ.

તેમાંથી પસંદગી પામેલા વિદ્યાર્થીને શાળા શરુ થયા પછી વેકેશને ઈનામ તેમજ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવશે.

જૈન લઘુમતી શિષ્યવૃત્તિ

આપણી સંસ્થામાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સરકારશ્રી તરફથી મળતી “જૈન માઈનોરિટી સ્કોલરશીપ” યોજનાનાં ફોર્મ સંસ્થા દ્વારા ભરવામાં આવ્યા હતાં,તેમાંથી ૨૪ વિદ્યાર્થીની સ્કોલરશીપ મંજુર થયેલ છે.

જેમાંથી ૧૭ જેટલા વિદ્યાર્થીના સ્કોલરશીપની રકમ રૂપિયા ૧,૩૪,૦૦૦ સંસ્થાના નિયમ મુજબ સંસ્થાના ખાતામાં જમા થયેલ છે.બાકી વિદ્યાર્થીની રકમ વેકેશન ખુલતા જમા કરાવી આપશે.

ભૂતપૂર્વ ગૃહપતિ શ્રી કિશોરભાઇ ત્રિવેદી ને શ્રદ્ધા સુમન



સંસ્કાર ઘડતર અને કેળવણી કરનાર સ્વ.કિશોરભાઇ ત્રિવેદીએ ઈ.સ ૧૯૮૦મા સ્વ. નંદલાલસાહેબના સાનિધ્યમાં જૈન વિદ્યાર્થીને વિવિધ વિષયોનું ગુરુ તરીકે જ્ઞાન આપેલ ત્યારબાદ તેની કાર્ય પદ્ધતિ અને જૈન વિદ્યાર્થીનું જીવન – ઘડતર અને કેળવણીની બાબતો ધ્યાનમા લઈ તેમને સંસ્થાનું સુકાન એટલે કે ગૃહપતિ તરીકેની જવાબદારી ઈ.સ. ૨૦૦૩ થી ૨૦૧૩ સુધી સોપેલ તે તેમણે સારી રીતે નિભાવી.

ગત તા. ૫મી એપ્રિલ ૨૦૨૦ના રોજ તેમનું માંદગીમાં અવસાન થયેલ છે.

આવા વિદ્યાર્થીના વ્હાલા અને સાચા કેળવણીકાર તરીકે સ્વ.કિશોરભાઈની સંસ્થા સદાય ઋણી રહેશે અને ભગવાન શ્રી મહાવીર સ્વામી તેમના આત્માને દિવ્ય શાંતિ અર્પે તેવી પાર્થના.

જન્મદિનની ઉજવણી

એપ્રીલ મહિનામા નીચે મુજબ વિદ્યાર્થીઓને જન્મદિન આવેલ હોવાથી તેઓ વેકેશનમાં ઘરે હોવાથી તેમને સંસ્થા તરફથી જીતુભાઈ બારોટ દ્વારા ટેલીફોન દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

તારીખ	વિદ્યાર્થીનું નામ
૨૧-૦૪-૨૦૦૬	શાહ સાહિલ કૃણાલભાઈ
૩૦-૦૪-૨૦૦૭	ભાવસાર સુધાંશુ સુશીલભાઈ

ઉપરોક્ત બંને વિદ્યાર્થીને જન્મદિનની ખુબ-ખુબ શુભ કામના.....

શુભેચ્છકનો શુભેચ્છા સંદેશ



ગત માર્ચ માસના માસિક અહેવાલથી ખુશ થઈ અને સંસ્થાકીય પ્રવૃત્તિથી સંતુષ્ટ થઈ આપણા શુભચિંતક મિત્રોએ પાઠવેલ શુભકામનાથી અમો ખુબ જ ખુશ છીએ.

તમામ શુભેચ્છા મિત્રો,રાજેશભાઈ શાહ, ભાવિનભાઇ ધંધુકીયા,રાજેશભાઈ પટેલ,અમીશભાઇ દોશી ,યશવંતભાઇ વસાણી,જયેશભાઈ સંઘવી ,જયંતીભાઈ ઠક્કર,પરેશભાઈ શાહ,મયુરભાઈ,હસમુખરાય,દર્શનભાઇ શાહનો આ તકે ખુબ ખુબ આભાર.

આ મુજબ આપનો અભિપ્રાય અમને આપતા રહેશો જેથી અમારો ઉત્સાહ જળવાય રહે અને યોગ્ય સલાહ કે સુચન હોય તો જણાવવા કૃપા કરશો.

સંપર્ક

સાવરકુંડલા કાર્યાલય

ઓફીસ : ૦૨૮૪૫ – ૨૨૨૦૮૯

જીતુભાઈ બારોટ : ૯૪૨૬૪ ૫૨૦૮૯

રમેશભાઈ જિકાદરા : ૯૪૨૭૨ ૬૮૧૦૩

મુંબઈ કાર્યાલય

ઓફીસ : ૦૨૨ – ૨૩૪૦૧૯૨૫

દિક્ષિતાબેન : ૯૩૭૨૯ ૪૦૮૭૮

સા.કુ સ્થાનિક કમીટી મેમ્બર

કનુભાઈ સંઘવી : ૯૫૧૦૫ ૧૫૮૩૪

પ્રદીપભાઈ દોશી : ૯૪૨૬૪ ૫૫૬૫૫

કિશોરભાઈ મહેતા : ૯૪૨૮૬ ૧૯૧૮૫

આભાર